[38]

S

SEAT NO.:-__________

No. of printed page:- 02

**SARDAR PATEL UNIVERSITY**

**B.A.SEM.III EXAMINATION**

**UA03SGUJ22 ગુજરાતી ભાષાકૌશલ – 3 (SKILL ENHANCEMENT)**

**Date:- 18/11/2022, Friday TIME: 02:00 P.M. To 05:00 P.M. Marks:- 70**

**પ્રશ્ન:-૧ નીચેનામાંથી કોઈપણ બેનો વિચાર-વિસ્તાર કરો.** (ગુણ ૧૮)

(૧) જલી જાતી છોને –
જીવન ધૂપસળી, મ્હેંકતી મ્હેંકતી આ.

(૨) કલા છે ભોજ્ય મીઠી ને ભોક્તા વિણ કલા નહીં,
કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહીં!

(3) ખરે પુષ્પો જયારે, મધુર ફળ ત્યારે તરુ ધરે,
વિના દીધે ભોગો, જગત પર સિદ્ધિ નવ મળે.

(૪) સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી;
ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

**પ્રશ્ન:-૨ નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો.** (ગુણ ૧૮)

કોઈપણ સાહિત્યકૃતિ પોતાના વિશિષ્ટ જીવનદર્શન વિનાની હોતી નથી. પ્રત્યેક કવિની નાનામાં નાની કૃતિમાંથી પણ તેની વિશિષ્ટ જીવનદૃષ્ટિ ધ્વનિત થતી હોય છે. અને એટલા માટે જ કવિને દૃષ્ટા પણ કહેલો છે. તો હવે જે પોતે દૃષ્ટા છે, તેના સર્જનને તમે દર્શન વિના મૂલવવાનો પ્રયત્ન કરો એ ચાલે જ શી રીતે? તમે માત્ર એના કૌશલ્યની જ પરીક્ષા કરો, એની જ કદર કરો, એનું જ મૂલ્ય આંકો, અને એ કૌશલ્યની પાછળ કવિનું જે વિશેષ દર્શન રહેલું છે તેનો વિચાર જ ન કરો એ શી રીતે ચાલે? એટલે આમ કેવળ કવિકૌશલ્યનો જ વિચાર કરીને કરેલું મૂલ્યાંકન સદા અધૂરું જ રહેવાનું. કાવ્યનું સર્જન જેમ દર્શનમાંથી થાય છે તેમ કાવ્યનું સાચું પરીક્ષણ પણ દર્શન જ કરી શકે છે.

**-નગીનદાસ પારેખ**

**અથવા**

વિદ્યાપીઠનું શિક્ષણ એ વિશિષ્ટ શકિત ધરાવનારાઓ માટેનો વિશેષાધિકાર છે. અને તેમની પાસે આ શકિત છે, પણ તે માટેના પૈસા નથી, તેમને સમાજના પૈસાથી એ તાલીમ મળવી જોઈએ. શકિત માટેની કસોટીમાંથી પસાર થયા વગર કોઈને વિદ્યાપીઠમાં પ્રવેશ મળવો ન જોઈએ અને વિદ્યાપીઠમાં દાખલ થયા પછી પણ અધ્યાપકને તે વિદ્યાર્થીએ એવી ખાત્રી કરાવી દેવી જોઈએ કે તે પોતાને મળેલી તક અને સમય નો પૂરેપૂરો ઉપયોગ કરે છે. પોતાના અભ્યાસ અને મહેનતથી અધ્યાપકોને સંતોષ આપી શકે તે જ વિદ્યાર્થી વિદ્યાપીઠ માં રહી શકે તેમ થવું જોઈએ. વિદ્યાપીઠ એ નવરાશનો સમય ગાળવા માટેનું સ્થાન છે, અને ધનિક લોકોના વિદ્યાર્થીઓ એમાં ત્રણ-ચાર વરસ લહેર કરે એવો ખ્યાલ હવે ચાલ્યો ગયો છે. ખરું જોતા વિદ્યાપીઠના વરસો તે વિદ્યાર્થીનાં વિદ્યા માટેની તપસ્યાનાં વરસો બનવાં જોઈએ.

**-બર્ટ્રાન્ડ રસેલ**

**પ્રશ્ન:-૩ નીચે આપેલ કાવ્યકૃતિની રસલક્ષી ચર્ચા કરો.** (ગુણ ૧૭)

**મુંબઈ નગરી**

ચલ મન મુંબઈ નગરી
જોવા પૂરછ વિનાની મગરી !
જ્યાં માનવ સૌ ચિત્રો જેવાં,
વગર પિછાને મિત્રો જેવાં;
નહિ પેટી નહિ બિસ્ત્રો લેવાં,
આ તીરથથી જાત્રા છે ના અઘરી !
સિમેન્ટ, કોંક્રીટ, કાચ, શીલા,
તાર, બોલ્ટ, રિવેટ, સ્ક્રૂ, ખીલા ;
ઇન્દ્રજાલની ભૂલવે લીલા
એવી આ સૌ સ્વર્ગ તણી સામગ્રી !
રસ્તે રસ્તે ઉગે ઘાસ
કે પરવાળા બાંધે વાસ
તે પહેલાં જોવાની આશ
હોય તને તો કાળ રહ્યો છે કગરી !

-નિરંજન ભગત

(P.T.O.)

[2]

અથવા

**આપણે ભરોસે**

આપણે ભરોસે આપણે હાલીએ.
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
એક મહેનતના હાથને ઝાલીએ,
હો ભેરું મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
ખુદનો ભરોસો જેને હોય નહીં રે તેનો
ખુદનો ભરોસો નકામ;
છો ને એ એકતારે ગાઈ ગાઈને કહે,
'તારે ભરોસે રામ!'
એ તો ખોટું રે ખોટું પિછાણીએ, હો ભેરુ,
બળને બાહુમાં ભરી, હૈયામાં હમ ધરી,
સાગર મોઝારે ઝુકાવીએ;
આપણા વહાણનાં શઢ ને સુકાનને
આપણા જ હાથે સંભાળીએ, હો ભેરુ.
કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે,
કોણ લઈ જાય સામે પાર:
એનો કરવૈયો કો આપણી બહાર નહીં,
આપણે જ આપણે છઈએ, હો ભેરું.

-પ્રહલાદ પારેખ

**પ્રશ્ન :- ૪ નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (ગુણ ૧૭)**

ભારત એ એક બહુજ પ્રાચીન અને મહાન ભૂતકાળવાળો દેશ છે. છેક ઓગસ્ટ ૧૯૪૭ થી પોતાની વિદેશીનીતિ અનુસરવા માટે શકિતમાન છે. પરિસ્થિતિની વાસ્તવિકતા કે જેને આપણે નકારી શક્યા નથી કે જીતી શક્યા નથી. તેણે ભારતને માર્યાદિત બનાવી દીધો હતો. તેમ હોવા છતાં પણ તે પોતાના મહાનતાનું શિક્ષણ ભૂલ્યો નથી. પોતાનાથી બની શકે તેટલો વાસ્તવિકતાના સિદ્ધાંતને અપનાવવા માટે તેણે પ્રયાસ કર્યો છે, જોકે એ અપૂર્ણ છે. અન્ય દેશોના કુટુંબમાં એ નવજન્મ પામેલ દેશ હતો અને શરૂઆતમાં તે તેમને ખૂબ પ્રભાવિત ન કરી શક્યો. પરંતુ તેની પાસે કેટલાક લાભ હતા. આ હકીકતમાં એક મોટો ફાયદો સમાયેલો છે, કે અમારો દેશ ભૂતકાળથી, પુરાણા દુશ્મનો કે જોડાણોથી, ઐતિહાસિક દાવાઓથી કે રૂઢિગત હરીફાઈથી જકડાયેલો ન હતો. તેના અગાઉના રાજ્યકર્તા ઓની સાથે પણ કઈ કડવાશ થઈ ન હતી. આમ ભારત અનેક દેશોના બનેલા કુટુંબમાં કોઈ પણ જાતની દુશ્મનાવટ કે પૂર્વગ્રહ સિવાય આવકારવા માટે તૈયાર છે અને આવકારતું આવ્યું છે. તેને માટે પોતાની વિદેશનીતિ પોતાના હિતમાં ઘડવાનું અનિવાર્ય બન્યું છે. પણ તે સાથે તેણે તેને આદર્શવાદનો રંગ લગાડ્યો છે. આ રીતે તેણે આદર્શવાદને રાજકીય હિત સાથે જોડવાનો પ્રયાસ કર્યો છે.

અથવા

જીવનને અમુક રીતે રંગવામાં, જીવનને અપરિચિત સૌન્દર્ય આપવામાં, તેને ભાવનામય આદર્શમય કરવામાં સાહિત્ય મદદ કરે છે. સાહિત્યકાર એક એવી જાતનું તેજ વસ્તુને આપે છે, જે દરિયા કે પૃથ્વી પર હોતું નથી. આ તેજ કલ્પનાનું, પ્રતિભાનું તેજ છે. તુચ્છ વસ્તુ પર સાહિત્યકાર એવો પ્રકાશ નાખે કે તે અસામાન્ય બની જાય. એનો અનુભવ આપણે સૌએ કર્યો હશે. નર્મદાતટે આવેલું તાડનું વન તમે જોઈ આવો, પછી તે વનનું કોઈ સાહિત્યકારે દોરેલું શબ્દચિત્ર વાંચી, પાછા તે વનમાં જાઓ. બીજી વખત તમને તે વન ઓર રમણીય લાગશે. આમ સાહિત્યકાર આપણા જીવનમાં અદ્‌ભૂત તેજ, મધુરતા, ભાવના પૂરે છે, તેમ જીવનના નાના-નાના પ્રસંગોમાં પણ તે નવું તેજ, નવી રમણીયતા પૂરે છે. અનંતકાળથી આપણા ઉરમાં હતું અને જેને વાચા મળી નહોતી તેને સાહિત્યકાર આપણે માટે વાચા આપી જાય છે. આથી અસ્પષ્ટ, અમૂર્ત વસ્તુ સ્પષ્ટ, સુરેખ અને મૂર્ત થાય છે. ભાષામાં જાણે નવું ચલણ પ્રવેશે છે. સાહિત્ય એ ભાષાનું જ સુસંસ્કૃત નાગર સ્વરૂપ છે અને સૂક્ષ્મ વ્યવહાર માટે ભાષા જેટલું આવશ્યક છે.

-વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

x